# રાજ્ય સરકારે રાજ્યના ભાવિ વિકાસને ધ્યાને લઈ વિકાસની બ્લ્યુ પ્રિન્ટ તૈયાર કરી છે : આનંદીબેન પટેલ

ગાંધીનગર, તા. ૧૦


ગાંધીનગર ખાતે રાજ્ય કક્ષાની તથા બંધારણીય કચેરીઓ માટેના રૂા. ૮૦ કરોડના ખર્ચે તૈયાર થનારા બહુમાળી ભવનનું ખાતમુહુર્ત કરતા રાજયના મહેસુલ તેમજ માર્ગ મકાન મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે જણાવ્યું હતું કે, છેલ્લા એક દાયકામાં ગુજરાતનો જે સર્વાંગી વિકાસ થઈ રહયો છે તે જોતા જ ખ્યાલ આવી શકે કે સરકારે રાજયના વિકાસ માટે ખાસ આયોજન કર્યું છે.

તેમણે જણાવ્યું હતું કે, અગાઉના વર્ષોમાં કયારેય ન થયો હોય તેવો રાજયનો વિકાસ મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના સબળ નેત્તૃત્વ હેઠળ છેલ્લા એક દાયકામાં થઈ રહયો છે તેનું મુખ્ય કારણ એ છે કે, રાજય સરકારે રાજયના ભાવિ વિકાસને ધ્યાને લઈ વર્ષ ૨૦૨૫નું ભવિષ્યનું ગુજરાત રાજય કેવું હોય તે વિચારી ભાવિ વિકાસની બ્લ્યુ પ્રિન્ટ તૈયાર કરી છે.

મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે જણાવ્યું હતું કે, તાજેતરમાં જ મહેસાણા ખાતે રૂા. ૨૧૦ કરોડના વિકાસકામોના વાયબ્રન્ટ તાલુકો કાર્યક્રમ દ્વારા રાજ્ય સરકારે આ માટે અભિયાન ઉપાડ્યું છે.

આ પ્રસંગે શિક્ષણ રાજયમંત્રી અને ગાંધીનગર જિલ્લાના પ્રભારીમંત્રી શ્રી જયસિંહ ચૌહાણે જણાવ્યું હતું કે, રાજય સરકારે જે વિકાસ અભિયાન શરૂ કર્યું છે તે રાજયના ખૂણે ખૂણે પહોંચ્યું છે. રાજયમાં વૈશ્વિક સ્તરની આંતરમાળખાકીય સુવિધા ભી થઈ છે એટલું જ નહીં ગામડાંની મહિલાઓ સખીમંડળ દ્વારા આર્થિક પગભર બની રહી છે. શહેરોની સમકક્ષ ગામડાનો સર્વાંગી વિકાસ થઈ રહ્યો છે ત્યારે ગુજરાતના વિકાસની વિશ્વ આખું નોંધ લઈ રહ્યું છે.

આ પ્રસંગે ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોરે પ્રાસંગિક ઉદબોધનમાં રાજય સરકારના વિકાસ પુરૂષાર્થને દોહરાવ્યો હતો અને જણાવ્યું હતું કે, છેલ્લા એક દાયકામાં ગુજરાતે વિકાસની નવી ચાઈ હાંસલ કરી છે. ગાંધીનગર જિલ્લાના પ્રભારી સચિવ અને મહેસુલ વિભાગના અગ્રસચિવ શ્રી સી. એલ. મીનાએ પ્રાસંગિક વક્તવ્ય આપતાં જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે





ઉદ્‌ઘાટન-ખાતમૂહૂર્ત કરવામાં આવ્યા હતા એ જ રીતે પાટણ જિલ્લામાં રૂા. ૨૦૦ કરોડના મહેસુલી કામોનો પ્રારંભ કરાયો છે. પ્રજાકીય વિકાસ કામોની ઝડપ રાજય સરકારના તમામ વિભાગોની ગીતશીલતા અને સંકલનને આભારી છે તેમ જણાવી મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, પ્રજાકીય વિકાસ કાર્યો માટે રાજ્ય સરકારે પહેલેથી જ પ્રાધાન્ય આપ્યું છે. પ્રજાજનોને પોતાના વહીવટી કામો માટે જ્યાં ત્યાં રઝળવું પડે નહીં તે માટે એક જ સ્થળે કચેરીઓ કાર્યરત થાય તે માટે રાજ્ય સરકારે બહુમાળી ભવનો તૈયાર કર્યા છે. તેમણે જણાવ્યું હતું કે, પ્રજાના પ્રૌનો ત્વરિત નિકાલ તાલુકા કક્ષાએ જ થાય તે માટે વિકેન્દ્રીત રાજ્ય વહીવટને સરકારે પ્રાધાન્ય આપ્યું છે અને તેને કારણે જ આપણો તાલુકા પાટનગર ગાંધીનગરની પ્રગતિને સહિયારા પુરૂષાર્થથી વધુ વેગવાન બનાવવા જે અભિયાન હાથ ધર્યું છે તેના ભાગરૂપે આ બહુમાળી ભવનનું નિર્માણ થઈ રહ્યું છે.

ગાંધીનગરના એકટર-૧૦ ખાતે નિર્માણ ભવનની પાછળના વિસ્તારમાં તૈયાર થનારા આ બહુમાળી ભવનમાં જરૂરિયાત અનુસાર કુલ બે ટાવર બાંધવાનું આયોજન છે. રાજ્ય સરકારે આ માટે રૂા. ૮૦.૬૧ કરોડની વહીવટી મંજૂરી આપી છે અને ૧૬થી ૧૮ મહિનામાં આ બહુમાળી ભવન તૈયાર થાય તેવો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. ભવનના ખાતમૂહૂર્ત પ્રસંગે ગુડાના ચેરમેન શ્રી અશોક ભાવસાર, જિલ્લા કલેકટર શ્રી પી. સ્વરૂપ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સચિવાલય કલ્યાણ સમિતિના ઉપક્રમે રમતવીરોનું અભિવાદન અને સચિવાલય પરિવારના તેજસ્વી છાત્રોનો સન્માન સમારોહ સંપન્ન



ગાંધીનગર, તા. ૧૦

કાયદો અને ન્યાયતંત્ર વિભાગના રાજયમંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું છે કે, ગુજરાત સચિવાલયના કર્મયોગીઓએ વહીવટી પ્રક્રિયાની સાથોસાથ રમતગમત પ્રવૃત્તિઓમાં પણ મહત્ત્વનું પ્રદાન કર્યું છે. રાષ્ટ્ર અને વિશ્વમાં ગુજરાત સર્વાંગી ક્ષેત્રે અગ્રેસર રહ્યું છે ત્યારે આપણું ગુજરાત-આગવું ગુજરાત એ ભાવ સાથે ફરજનિષ્ઠ બનીને કલ્યાણકારી પ્રવૃત્તિઓનું ચાલકબળ બનવા મંત્રીશ્રી જાડેજાએ કર્મયોગીઓને અનુરોધ કર્યો હતો.

આજે ગાંધીનગરમાં રાજય સરકારના સામાન્ય વહીવટ વિભાગ હસ્તક સચિવાલય કલ્યાણ સમિતિ આયોજીત આંતરરાષ્ટ્રીય રમતગમત સ્પર્ધા, ભારતીય મુલ્કી સેવા રમતગમત સ્પર્ધાના રમતવીરોનું અભિવાદન અને સચિવાલય પરિવારમાંથી ધોરણ ૧૦ અને ધોરણ ૧૨માં સિદ્ધિ હાંસલ કરનારા તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરતાં કાયદા અને ન્યાયતંત્ર રાજયમંત્રીશ્રીએ જણાવ્યું કે, છેલ્લી ત્રણ સદીનો તુલનાત્મક અભ્યાસ કરીએ તો ૧૯મી સદી બાહુબળ આધારિત વિકાસની સદી, વીસમી સદી મૂડી આધારિત વિકાસની સદી જ્યારે ૨૧મી સદી જ્ઞાન આધારિત વિકાસની સદી છે. ૨૧મી સદીમાં વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ઠ સિદ્ધિઓ હાંસલ કરવા તત્પર રહેવું પડશે. મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ રમતગમતમાં ખેલ મહાકુંભ, શિક્ષણમાં શૈક્ષણિક સુવિધાઓ અને ગુણવત્તા યુક્ત શિક્ષણ તથા વાઈબ્રન્ટ ગુજરાત જેવા આયોજનોથી રોજગારી નિર્માણ જેવા વિશેષ કરવામાં આવેલાં પરિણામલક્ષી આયોજનોનો ઉલ્લેખ કરીને મંત્રીશ્રીએ સફળતામાં પણ ઉત્કૃષ્ઠ સિદ્ધિઓ હાંસલ કરવા જણાવ્યું હતું. તેમણે રમતવીરો અને તેજસ્વી છાત્રોને અભિનંદન આપી કર્મચારી કલ્યાણની પ્રવૃત્તિઓને બિરદાવી હતી.

રણજીટ્રોફીના પૂર્વ ખેલાડી અને ધારાસભ્ય શ્રી દુષ્યંતભાઈ પટેલે રમતગમતના માધ્યમથી શારિરીક, માનસિક અને બૌધ્ધિક શક્તિઓનો વિકાસ થાય છે તેમ જણાવી રમતગમતમાં ઉત્સાહભેર જોડાવા કર્મયોગીઓને નિમંત્રણ આપ્યું હતું. રમતગમતમાં રમનારા સર્વે જીતે છે. ઘરે બેસી રહેનારા હારે છે તેમ જણાવી સતત મહેનત કરીને સ્વવિકાસ, પરિવાર વિકાસ, રાષ્ટ્ર વિકાસમાં મહત્ત્વનું યોગદાન આપવા અનુરોધ કર્યો હતો.

પ્રારંભમાં સ્વાગત પ્રવચન કરતાં સચિવાલય કલ્યાણ સમિતિના અધ્યક્ષ અને સંયુક્ત સચિવ શ્રી જશવંત ગાંધીએ કર્મચારી કલ્યાણ સમિતિની વિગતો આપી હતી તથા જિલ્લા કલ્યાણ સમિતિ દ્વારા જિલ્લા કક્ષાએ કર્મચારી કલ્યાણ પ્રવૃત્તિને વેગવાન બનાવવા રૂા. ૫૦,૦૦૦ની જોગવાઈ કરવામાં આવી છે તેમ જણાવી રૂચિ, પરિશ્રમ, સાતત્ય અને નિષ્ઠાના ગુણો કેળવીને ખેલદીલપૂર્વક તમામ ક્ષેત્રોમાં અગ્રેસર રહેવા જણાવ્યું હતું. આ પ્રસંગે તેજસ્વી છાત્રોનું રોકડ પુરસ્કાર, પુસ્તક અને પ્રમાણપત્ર આપીને સન્માન કરવામાં આવ્યું હતું. જ્યારે રમતવીરોને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી.

## ગુજરાત અને ગુજરાતની સરકારને બદનામ કરનારાં ગુજરાત વિરોધી તત્ત્વોના કાવતરાનો પર્દાફાશ થઈ ગયો છે

### સીટે કોર્ટને આપેલા ક્લોઝર રિપોર્ટ અંગે રાજ્ય સરકારના પ્રવક્તા જયનારાયણ વ્યાસનું નિવેદન

ગાંધીનગર, તા. ૧૦


રાજ્ય સરકારના પ્રવક્તા અને આરોગ્યમંત્રી શ્રી જયનારાયણ વ્યાસે સુપ્રિમકોર્ટે નિમેલી સીટે કોર્ટને કલોઝર રિપોર્ટ આપ્યો છે તે અંગે મિડિયા દ્વારા મળેલી માહિતીના અનુસંધાનમાં જણાવ્યું છે કે, સીટ એ કોર્ટને આપેલા કલોઝર રિપોર્ટ સંદર્ભમાં કોર્ટે અરજી કરનારા સૌને આ રિપોર્ટ આપવા માટે કહ્યું છે.

શ્રી જયનારાયણ વ્યાસે જણાવ્યું છે કે, આ સંદર્ભે અમારે એટલું જ કહેવાનું છે કે, આ સંપૂર્ણ તપાસ ભારતની સુપ્રિમકોર્ટે કરી છે. સુપ્રિમકોર્ટે નિમેલી ટીમ દ્વારા આ તપાસ મૂળ અરજી ઉપરાંત ગુજરાત વિરોધી તત્વોએ જે સેંકડો અરજીઓ કરી હતી તેને પણ સુપ્રિમકોર્ટે જાહેર કરેલી સીટએ તપાસ કરી છે. અને ગયા બે વર્ષ દરમિયાન દર મહિને સુપ્રિમકોર્ટ આ રિપોર્ટનો રિવ્યુ કરતી આવી છે.

સુપ્રિમકોર્ટના સીધા માર્ગદર્શન અને દેખરેખ હેઠળ સીટે કરેલી તપાસનો અહેવાલ આજે કોર્ટમાં મૂકવામાં આવ્યો છે. કોર્ટમાં રજૂ થયેલા અહેવાલો ઉપરથી સ્પષ્ટપણે ફલીત થાય છે કે, ગુજરાતની સરકારને બદનામ કરવા માટે જે જે તત્વોએ કાયદાકીય તપાસને જુદા માર્ગે લઈ જવા જે જે કાવતરાઓ કર્યા હતા તેનો પર્દાફાશ થઈ ગયો છે અને આવા ઉપજાવી કાઢેલા સફેદ જુઠાણાથી ગુજરાતના સત્યને દબાવી શકાશે નહીં.

રાજ્ય સરકારના પ્રવકતાએ એમ પણ જણાવ્યું છે કે, ગુજરાતે આવા અનેક અવરોધો વચ્ચે પણ અવિરત વિકાસ કર્યો છે અને કરતું રહેવાનું છે અને તેની વિકાસયાત્રા સત્યના માર્ગે હોવાની ઉની આંચ પણ આવવાની નથી.

## શબ્દાવલી - ૪૬૯૬



**આડી ચાવી**

૧. અણનમ (૪)
૪. ઢોરમાં થતા જીવડા (૩)
૬. બાલટી, પાણી ભરવાનું વાસણ (૨)
૭. 'મતલબ' શબ્દ આડોઅવળો (૪)
૯. વિઘ્ન, નડતર (૨)
૧૦. તખ્ત પર બિરાજમાન (૫)
૧૪. મોકો, દાવ (૨)
૧૫. કોઈ પણ પક્ષ વગરનું (૩)
૧૭. .... તીખી સેવ (૪)
૧૯. કહાની (૩)
૨૦. માર...., ધોલાઈ (૨)

**ઊભી ચાવી**

૧. એકદમ, અડીને (૪)
૨. નક્કી થવું, શરીર (૨)
૩. રીપેરીંગ (૪)
૪. વાસણ (૪)
૫. પૃથ્વી, ધરા (૨)
૮. કવચ (૩)
૧૧. મોટો પથ્થર (૨)
૧૨. નગરનો આગેવાન શેઠ (૫)
૧૩. વાંચવા લખવાની આવડત વાળુ બનાવવું તે.... અભિયાન (૪)
૧૫. એકના બદલે બીજુ આ.... આ (૩)
૧૬. એક ટક, નાશ ન થાય તેવું (૩)
૧૮. સફેદો અને બેલતેલની બનાવેલ લૂગદી (૨)

### શબ્દાવલી ૪૬૯૫ના જવાબ

**આડી ચાવી :-** (૧) તરબૂચ (૪) કાકડી (૭) ખાલસા (૯) રમ (૧૦) સ્વીકાર (૧૨) રેશમ (૧૩) વાવ (૧૪) રસ્તા (૧૫) ડોડા (૧૭) મનસા (૧૯) કાતરા (૨૧) વખતોવખત (૨૩) ડામર (૨૪) લડત

**ઊભી ચાવી :-** (૧) તપસ્વી (૨) બૂખાર (૩) ચલ (૫) કરમદા (૬) ડીમ (૮) સારેવડા (૧૧) કારસ્તાન (૧૩) વાડો (૧૪) રમકડા (૧૬) ખેરાત (૧૮) સાવર (૧૯) કાવડ (૨૦) તખત (૨૨) તોલ

## રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ પંચ ગુજરાતની મુલાકાતે

રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ પંચ, નવીદિલ્હીના અધ્યક્ષશ્રી, ઉપાધ્યક્ષશ્રી અને સદસ્યશ્રીઓ તા. ૧૧-૪--૨૦૧૨, અને તા. ૧૨-૪-૨૦૧૨ના રોજ એમ બે દિવસ અમદાવાદ અને ગાંધીનગરની મુલાકાત લેશે. અમદાવાદ સરકીટ હાઉસ, એનેક્ષી ખાતે તા. ૧૧-૪-૨૦૧૨ના રોજ સાંજના ૪-૦૦ કલાકથી એસોસિએશનના પ્રતિનિધિઓ, સંસદસભ્યો, ધારાસભ્યો અને પૂર્વ સંસદસભ્યો-પૂર્વ ધારાસભ્યો સાથે પંચની બેઠક યોજાશે. તા. ૧૨-૪-૨૦૧૨ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે સચિવાલય, ગાંધીનગર ખાતે ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે.

## અમદાવાદ મણીનગરના શ્રી વલ્લભ ધામ ખાતે શ્રી કૃષ્ણાશ્રય ગુણગાન કથા પલનાનંદ મહોત્સવ

જગદગુરૂ શ્રી વલ્લભાચાર્યજીના ૫૩૫માં પ્રાગટ્ય મહોત્સવ પ્રસંગે મણીનગરના આંગણે શ્રી કૃષ્ણાશ્રય ગુણગાન મહોત્સવનું ભવ્ય આયોજન આગામી તા. ૧૦એપ્રિલ ૨૦૧૨ થી ૧૩એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન કરવામાં આવેલ છે. શ્રી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાંતોના પ્રચાર પ્રસાર માટે પ્રયત્નશીલ અને વખતોવખત પુષ્ટિમાર્ગીય શિબિરો વચનામૃતના અલૌકિક કાર્યક્રમોથી વૈષ્ણ સંપ્રદાય લાભાન્વિત થતો રહે છે. શ્રી મહાપ્રભૂજીના વંશજ અને યુવાચાર્ય પ.પૂ.ગો. ૧૦૮ શ્રી કુંશેજકુમારજી મહોદય શ્રી (કડી, અમદાવાદ)ના નિજ મુખે શ્રી કૃષ્ણાશ્રય રસાપાન પર વચનામૃતનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. વધુમાં યુવાચાર્ય પ.પૂ.ગો. ૧૦૮ શ્રી કુંશેજકુમારજી મહોદયશ્રીના અધ્યક્ષ સ્થાને ચૈત્રવદ એકાદશી તા. ૧૬.૦૪-૧૨ને સોમવારના રોજ સવારે ૯.૦૦ કલાકે બ્રહ્મસંબંધ દીક્ષા, ત્યારબાદ ૧૦.૦૦ કલાકે શ્રીમદ્ આચાર્ય ચરણ મહાપ્રભૂજી પાદુકાજી કેસરસ્નાન અને સવારે ૧૧.૦૦ કલાકે પલના નંદમહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે.

## નવાં કલેવર (પાના નં. ૪ નું ચાલુ)

હીના હવે હિતેન્દ્ર તરફ વધુને વધુ ઢળતી હતી. વિશાલની ગેરહાજરીમાં હિતેન્દ્ર ઘણી વખત હીનાને ઘરે પણ આવતો. બન્ને એકાંત ગાળતાં શાળાનો પ્રવાસ ગોઠવાય તેમાં પણ હિતેન્દ્ર અને હીના બંને સાથે જ હોય. તેથી તેમના સંબંધોની ચણભણ સ્ટાફમાં પણ થતી હતી. કારણ કે હિતેન્દ્રને પત્ની અને બે બાળકો હતાં. તેથી તેના જીવનમાં ઝંઝાવાત આવે તે સ્વાભાવિક જ હતું. પણ હિતેન્દ્ર એ પરિસ્થિતિને સારી રીતે સંભાળી શકતો હતો. કારણ કે તેણે રહેવાનું શાળાથી છ કિ.મી. દૂરના સેકટરમાં રાખ્યું હતું. જયાં તેના આ સંબંદની સુગંધ કે દુર્ગંધ હજુ સુધી પહોંચી ન હતી. વળી હિતેન્દ્ર પણ તેની પત્નીને કે બાળકોને કોઈ રીતે ઓછું આવતા દેતો ન હતો. બંને ને ચોક્કસ પ્રકારની ઈચ્છાઓ અને આકાંક્ષાઓ હતી જેની પૂર્તિ માટે તે જાણે કે ઝઝૂમતાં હતાં. આ મજુઓ તો સમાજમાં આવાં તો ઘણાં પાત્રો હશે અને જેને સામાજિક માન્યતા પ્રાપ્ત થઈ નહીં હોય તેવાં સંબંધો વિકસતા હશે. આવુ આજના યુગમાં જ થાય છે. એવું પણ નથી. દરેક યુગમાં કદાચ તેનું સ્વરૂપ બદલાતું રહે છે. પરંતુ જયારે એક સ્ત્રીની ઝંખના માઝા મુકી દે છે ત્યારે પુરૂષ ઓશિયાળો બની જાય છે.

હીનાની બાબતમાં પણ આવું જ બન્યું છે. હિતેન્દ્ર ઉપરાંત શેરીમાં આવતાં યુવાન શાકવાળો હોય કે ધોબી તેની સાથે તે લળી લળીને વાતો કરે છે. ગેસનો બાટલો મુકવા આવતો યુવાન તેના ઘરમાં અંદર બાટલો મુકવા આવતાં અચકાય છે. ટી.વી.રીપેર કરવા આવનાર યુવાન વારંવાર આવે છે. એ.સી. રીપેર કરવા આવનારા યુવાનને હીનાને ઘરે ફ્રી સર્વિસ આપવાનું ગમે છે. હીના હવે તો દિવસે દિવસે ખીલતી જાય છે. ઉલાલા... ઉલાલા... ગાતી નીકળે ત્યારે અનેક યુવાનો અને સમવયસ્કો તેને જોઈને આહ્ ભરવા લાગે છે. આ વાતની જાણ વિશાલને ન થાય એવું તો બને જ કઈ રીતે, વિશાલને ખબર છે કે તે જયારે હીનાને ફોન કરે ત્યારે તેનો ફોન બીઝી બતાવે છે. તે ઘેર હોય ત્યારે પણ સતત ફોન પર વાતો કરતી હોય છે. અથવા ફૅસબુક પર ઑનલાઈન ચેટીંગ કરતી હોય છે.

વિશાલે હીનાની ઈચ્છાપૂર્તિ માટે ટેસ્ટ ટ્યુબ બેબીનો વિચાર એક વખત તેની સમક્ષ પ્રદર્શિત કર્યો. એન સરોગેટ મધર દ્વારા બાળક મેળવી શકાય તે વાત પણ કરી જોઈ પણ એ હવે હીનાને મંજૂર નથી. તેણે કહ્યું કે તો પછી આપણે બાળક દત્તક લઈ લઈએ આ વાત સાંભળી હીના છેડાઈ પડી. મારે હવે બાળક નથી જોઈતું. મેં આફત ને અવસરમાં બદલી દીધી છે. મારે યુવાન રહેવું છે. 'એમ વિશાલે કહ્યું ત્યારે હીના ધીમા સ્વરે ગણગણતી હતી. 'ન ઉમ્ર કી સીમા હો, ના જન્મસ હો બંધન, જબ પ્યાર કરે કોઈ તો કેવલ મન...'

'હીના તને એમ નથી લાગતું કે આ બધું અનૈતિક છે.'

'ના'

'કેમ?'

'નૈતિકતાના બધા નિયમો અને બંધનો તમે પુરૂષોએ જ બનાવેલા છે અને તેને તોડનારા પણ પુરૂષો જ છો. છતાં તે માટે દોષ તો હંમેશા સ્ત્રીને જ આપવામાં આવે છે. શું સ્ત્રીને પોતાની લાગણી, માંગણી, અપેક્ષા, આકાંક્ષા, ઈચ્છા, સંવેદના કંઈ ન હોય.' હીનાએ કહ્યું.

'હોય બધું જ હોય પણ તેની કોઈક મર્યાદા પણ હોય ને, નદી જયારે કિનારાની મર્યાદા લાંઘી જાય ત્યારે કેવાં ભયંકર પુર આવે છે.'

'તો પછી મારે શું કરવું જોઈએ? કંઈ રીતે વર્તવું જોઈએ? મારા જેવી તો સમાજમાં અનેક સ્ત્રીઓ છે જે પોતાની ઈચ્છાઓને કુંઠીત કરી જીવે છે. પણ મારે એમ કરવું નથી. કાં તો તમે મને બીજો માર્ગ બતાવો અથવા હું જીવું છું તેમ મને જીવવા દો.' હીનાની વાત સાંભળી વિશાલ મુંઝવણમાં મુકાઈ ગયો. તેને કંઈ સૂઝતું ન હતું કે હીનાને શું કહેવું.

- vanvihari@gmail.com

## સમાચાર ઝલક

- કતારગામમાં આઈપીએલ પર સટ્ટો રમાડતા જ ઝડપાયા.
- તિલકવાડાનું કંથરપુરા ગામ ચિકનગુનિયાના ભરડામાં.
- મોડી રાત્રે ફટાકડાની દુકાનમાં ભીષણ આગથી કાપોદ્રા ધણધણ્યું.
- પંચમહાલ જિલ્લાના લીલેસરા નજીકના જીઈબી સબ સ્ટેશનમાં આગ લાગતા દોડધામ.
- સાવરકુંડલામાં મુસ્લિમ બાળકના અપહરણથી ચકચાર.
- રાજકોટમાં મહિલાની તેના જ ઘરમાં હત્યા : પતિ ગુમ.
- ઝાલાવાડમાં ભારે હીટ વેવ : પક્ષીઓ વૃક્ષ પરથી પટકાયા.
- ચક્રેશ્વરી માતાની મૂર્તિના લૂંટકેસમાં મથુરા ગયેલી પોલીસ વીલે મોઢે પરત ફરી.
- ગાજણ ટોલનાકાએ ખેડૂતોનો ભારે હંગામો.
- કાંકણોલ નજીકથી ૧.૭૫ લાખના અફીણનો જથ્થો ઝડપાયો.
- મોડાસામાં ગેરરીતિ મામલે નાયબ કાર્યપાલક ઈજનેર સસ્પેન્ડ.
- સમીના ત્રણ ગામમાં કમળાના ૨૫ કેસ મળ્યા.
- સુરતમાં મહધરપુરાનો હીરા દલાલ ૮૦ લાખમાં ઉઠમણું કરી ફરાર.
- સાણથલીમાં મહિલાને ઘરમાં દોરડા વડે બાંધી ૧૫ તોલા દાગીનાની લૂંટ.
- ઉકાઈમાં પિતાએ ટ્યુશનમાં મોબાઈલ લઈ જવાની ના પાડતા પુત્રનો આપઘાત.
- ખંભાળિયા-રાજકોટ ધોરી માર્ગ પર પુરવઠા તંત્રની તપાસમાં રૂ. ૧૨.૬૮ લાખનું બિનહિસાબી સિંગતેલ ઝડપાયું.

## Hello ફ્રેન્ડસ! (પાના નં. ૪ નું ચાલુ)

અમે એને વ્યવસ્થિત જોઈ પણ ના શક્યાં. હું ફરી મેનેજરને મળ્યો, પેલાં કાગળની કૉપી બતાવી એટલે એ એટલું જ બોલ્યો, 'હાં મિલવા દેંગે, જલ્દી કયોં કરતા હૈ?'

અમે પાંચેય પાછાં એનાં પિકચરો કોર્પોરેટ, ધૂમ-૨, ફિર હેરાફેરી, રેસ, ઑલ ધ બેસ્ટ, ઓમકારા... ની રંગીલી ચર્ચામાં લાગી ગયાં, સાત વાગવા આવ્યાં હતા, અને મારી ધીરજ ખૂટવા લાગી છેલ્લે ફરી મેનેજર પાસે પહોંચ્યા તો એ ચીડાઈને બોલ્યો, "કયા ખાલી પીલી દિમાગ ખરાબ કરતે હો, મૅડમ કા કામ હો જાને પર ફાલતું લોગો સે મિલને કા સમય બચા તો તુમ્હે ભી મિલવા દેંગે" ...બહાર બિપાશાના આશિકોએ જબરદસ્ત ભીડ જમાવી હતી. અમારૂં કોઈ સાંભળતું જ નહોતું. એટલામાં ખબર પડી કે બિપાશા બહાર આવે છે. અમે એન જોવાની ઉતાવળમાં લોકોની ભીડ બાજુની દિશામાં દોટ મુકી...

બિપાશાને એક ઝલક જોવાની લગનીમાં લોકોએ ધક્કા-મુક્કી કરી મુકી અને કંટાળેલી પોલીસને હળવો લાઠીચાર્જ કરવાની ફરજ પડી. લાઠીચાર્જમાં એક પોલીસનો દંડો મારી પીઠ પર કચકચાઈને પડ્યો, મારાથી બૅલેન્સ ના જળવાતાં હું જમીન પર પડ્યો, મારો નવો નક્કોર સૂટ ફાટી ગયો, મારી કોણીઓ, ઘુંટણ અને બરડો છોલાઈ ગયાં. મારો મોંઘામાંનો 'લી કૂપર' નો એક બૂટ પર પગમાંથી નીકળીને કયાંક પડી ગયો. હું મારી જાતને સંભાળીને બિપાશાને નિરખું એ પહેલાં તો ખબર પડી કે બિપાશા તો 'સિટી પલ્સ' ના પાછલાં દરવાજેથી ભીડથી બચીને નીકળી ચૂકી છે!!

છેલ્લે ફાટેલાં કપડે, ચૂંથાયેલા મને, છોલાયેલા હાથે-પગે બાણશય્યા પર ફસડી પડેલાં ભિષ્મ પિતામહ જેવો હું નવ વાગે ઘરે પહોંચ્યો. મેલો ગાઉન, સવારથી ભુખી અને પતિની કાળજીથી આકુળ-વ્યાકુળ મારી પત્ની કુસુમ મારી રાહ જોતી આંગણામાં આંટાફેરા મારતી હતી... મને જોતાં જ એનાં જીવમાં જીવ આવ્યો. એ તરત જ બોલી 'મુલાકાત થઈ તમારી બિપાશા જોડે?' બહુ મોડું થઈ ગયું ને? મેં વિલાયેલા મોંઢે ના પાડી. પત્નીએ ફાટેલો સૂટ કાઢ્યો. હાથ-પગનાં જખમોને ગાઉનથી લૂછીને ટીંચરથી સાફ કરી ઉપર સૉફરામાયસીન લગાવી પલંગ પર સુવાડી દીધો. આદુવાળી ચા અને મેરીના બિસ્કીટની ટ્રે લાવી મારાં કપાળ પર એનો પ્રેમાળ હાથ ફેરવવાં લાગી!!

પેટમાં કંઈક પડતાં મારૂં મન પણ થોડું હળવું થયું અને બોલવાનાં હોંશ આવ્યાં. મેં મારી પત્નિને દિવસ દરમિયાન બનેલી કહાની કહી સંભળાવી, મારી હકીકત સાંભળ્યા બાદ કુસુમે મને કીધું, "જીતુ, પતિને સીધા સાદા મનથી, નિષ્પાપ વૃત્તિથી પ્રેમ કરનારી અને એની કાળજી લેવામાં પોતાનું લોહી રેડનારી પત્ની જ એની ખરી 'બિપાશા' હોય છે! આટલાં વર્ષોથી બિપાશા પાછલ દિવાનો બનેલો હું આજે 'મારી બિપાશા'નાં સાનિધ્યમાં સાચા પ્રેમ અને સંસારની પ્રતીતિ કરી રહ્યો છું!"

ચૂંટલો :

હીરો-હીરોઈનની ફૅન્ટસીમાં પાગલ તથાં યુવક-યુવતીઓ પોતાનાં સંસારમાં અને લાઈફ પાર્ટનરમાં ખામી ગોતી દુ:ખી થતાં હોય છે, ખરો પ્રેમ લાઈફ પાર્ટનર સાથે જ થાય, આ સિતારાઓ કોઈ તમારી રસોઈ રાંધવા નહીં આવે...

- hellosanjay108@gmail.com

## હળવાશની ક્ષણોમાં ! (પાના નં. ૪ નું ચાલુ)

અમને વિચાર આવ્યો કે આવી સંસ્થાઓ શું એમ સમજતી હશે કે અમારા જેવા(!) લોકો 'પેડ' બાંધીને ટેન્ટમાં તૈયાર જ રહેતા હશે?! જેવો કોઈ ખેલાડી ઈન્જર થાય કે ઉતરે મેદાનમાં! છતાં આવી સંસ્થાઓના લીસ્ટમાંથી અમારું નામ કમી થઈ જાય નહીં તે માટે પણ મેં ત્યાં જવાનું નક્કી કર્યું! જો કે ત્યાં શું બોલવું તે અંગે નરવસનેશ તો હતી જ! છતાં એકાદ કલાક બાદ હું ત્યાં જવા તૈયાર થઈ ગયો!

ઘરની બહાર નીકળી જેવો હું કમ્પાઉન્ડના ઝાંપા પાસે પહોંચ્યો કે તરત ઝાંપાના દરવાજાની બહારથી પત્ની પ્રગટ થયા! તેમના હાથમાં એક પ્લેકાર્ડ હતું જેના પર લખ્યું હતું -

'એપ્રિલ ફૂલ!'

પત્નીએ આજે સવારે બહાર જતી વખતે મને ચેતવણી આપેલી કે 'જો જો, કોઈ એપ્રિલફૂલ બનાવી ન જાય!'

અને સાંજે તેણે જ મને એપ્રિલફૂલ બનાવ્યો!

ઘણીવાર આપણે ન્યૂઝપેપરમાં વાંચતા જ હોઈએ છીએ ને કે ગુન્હાનો ગુન્હેગાર જ પોલીસની સાથે રહી આરોપીની શોધખોળમાં મદદ કરતો હોય છે!

અહીં પણ લગભગ એવું જ થયું ને! આ 'કહાની-૨' ની કહાની ૧લી એપ્રિલ ૨૦૧૧ની છે!